।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# મંથન

## વિવિધ પરિશીલન

**પ્રિયમ્**

અહો શ્રુતમ્
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
મહા, વિ. ૨૦૭૬

# Index


१. भगवतीसुत्तं उद्दिस .......... ३

૨. ખરી પ્રગતિ .......... ૪

૩. જિમ જિમ એ ગિરિ ભે...ટી..એ રે .......... ૬

૪. જોઈએ છે .......... ૯

૫. મનોમંથન .......... ૧૧

૬. ૪૫ આગમ પરિચય .......... ૧૪

૭. આનંદઘનીય શ્રી અભિનંદન જિનસ્તવન – ચિંતન ..... ૨૨

૭. આનંદઘનીય શ્રી સુમતિનાથ જિનસ્તવન – ચિંતન ..... ૨૭


✷

**અભયદાન કરતા પણ**

**શ્રેષ્ઠ છે**

**જ્ઞાનદાન.**

**કારણ કે જ્ઞાનદાન એ અભયદાનનું કારણ છે.**

**જ્ઞાનદાનથી અભયદાનની**

**આવડત આવે છે.**

- **વહે મીઠી વાણી** - પુસ્તકમાં

ગીતાર્થમૂર્ધન્ય સિદ્ધાન્તદિવાકર

પ.પૂ.ગચ્છાધિપતિશ્રી **જયઘોષસૂરિશ્વરજી** મહારાજા

## ॐ भगवतीसुत्तं उद्दिस ॐ

ભંતે – ની અહોભાવધારા અને ગોયમા – ની કૃપાધારામાં પોતાની ભાવધારાને ભેળવવી ને એ ત્રિવેણીસંગમમાં ડુબકી લગાવી દેવી એનું નામ ભગવતીસૂત્રમાં પ્રવેશ.

'જોગ અઘરા હોય છે. કારણ કે એમાં મામૂલી ક્ષતિ પણ અક્ષમ્ય હોય છે. થોડી મોટી ક્ષતિ હોય, ત્યાં તો દિવસ જ પડે છે.' આવું કહેવાય છે. વાત સાવ ખોટી પણ નથી, પણ મને લાગે છે કે જોગ અઘરા છે, એનું વધુ મોટું કારણ એ છે કે જો પદવીનો ઉદ્દેશ્ય આવી જાય, તો આખા જોગ જ પડે છે.

**सुअं मे भविस्सइ त्ति** 'મને જ્ઞાનપ્રાપ્તિ થાઓ ઈત્યાદિ ચાર પવિત્ર ભાવનાથી કરાતા જોગ શ્રુતસમાધિસ્વરૂપ પરમસમાધિનું કારણ બને છે.

યોગપ્રવેશની આજની વિધિનું આગમિક નામકરણ છે ઉદ્દેશ. આપણી ભાષામાં સદ્ગુરુનો અંગુલનિર્દેશ , આંગળી ચીંધણું – **पढमं णाणं** મોક્ષયાત્રાની શરૂઆત જ્ઞાનથી થાય છે. જ્ઞાનયાત્રાની શરૂઆત સદ્ગુરુના આંગળીચીંધણાથી થાય છે. સદ્ગુરુના આંગળીચીંધણાની શરૂઆત સદ્ગુરુના હાર્દિક સ્વીકારથી થાય છે. સદ્ગુરુના હાર્દિક સ્વીકારની શરૂઆત સદ્ગુરુ પ્રત્યેના તાત્ત્વિક બહુમાનથી થાય છે. સદ્ગુરુ પ્રત્યેના તાત્ત્વિક બહુમાનની શરૂઆત સદ્ગુરુની ઓળખથી થાય છે.

તો નિચોડ એ આવ્યો કે, જે સદ્ગુરુને ભણે છે, એ ભગવતીસૂત્રને ભણે છે. જે સદ્ગુરુને ભણે છે, એ દ્વાદશાંગી ભણે છે. જે સદ્ગુરુને ભણે છે એ મોક્ષમાર્ગને સમજે છે. બધું જ ભણી ગયા, દિગ્ગજ પંડિત બની ગયા, બધું જ સમજી ગયા, ફક્ત સદ્ગુરુને નથી સમજ્યા. એ કશું નથી સમજ્યા. સદ્ગુરુને સમજ્યા વગર બીજું કશું સમજવું શક્ય જ નથી. સદ્ગુરુ એ સાધનાની ABCD છે. જે એ નથી સમજ્યા એ સાધનાની મોટી મોટી પોથીઓ વાંચવાનો દાવો કરતા હોય, ત્યારે હકીકતમાં અભણ હોવા સાથે અપ્રામાણિક હોવાનો દાવો થતો હોય છે.

યોગોદ્વહનની સંપૂર્ણ ક્રિયાઓનો સાર છે સદ્ગુરુ પ્રત્યે સંપૂર્ણ સમર્પણ. ‘હું આ સૂત્રનો આ અંશ ભણું ?’ એ ય સદ્ગુરુને પૂછવાનું છે ને ‘હું એ બેસીને ભણી શકું ?’ એ ય સદ્ગુરુને પૂછવાનું છે. એક બાજુ ક્રિયાઓના આદેશોના માધ્યમે આટલું સમર્પણ દાખવવાનું, ને બીજી બાજુ જીવનમાં સદ્ગુરુ પ્રત્યેનું સમર્પણ ન હોય, તો આખા ય જોગ માયા-મૃષાવાદ બની જાય. યોગપ્રવેશમાં સદ્ગુરુના આશીર્વાદ ક્રિયામાં આ રીતે આપેલા છે – **जोगं करेज्जाहि** – તું ખરા અર્થમાં જોગ કરજે. આજે સદ્ગુરુ ભગવંતોને અને સકલ શ્રીસંઘને બે હાથ જોડીને એવી પ્રાર્થના છે, કે મને એવા આશીર્વાદ આપો કે મારા જોગ ખરા અર્થમાં જોગ બને. આદેશોમાં નીતરતું સમર્પણ મારા જીવનમાં નીતરવા લાગે અને આ શ્રુતયોગ કૈવલ્યયોગનું કારણ બને.

✷

## ✲ ખરી પ્રગતિ ✲

❑ સીધા ભગવાન બનવા જનારા ભક્ત-પદ ને ભગવદ્ પદ બંનેથી વંચિત રહે છે. ભગવાન ભક્તમાં સ્વયં પ્રગટે છે, ભક્ત બન્યા વિના પ્રગટાવવા જતા કદી પ્રગટી શકતા નથી.

**विप्रलापः क्षेपः स्तवो वेति विचारणीयम् ।।**

**– ।। सिद्धसेनदिवाकरसूरिजी ।।**

આ મારા લવારા છે,
આપનો પ્રતિક્ષેપ છે કે સ્તુતિ છે એ વિચારણીય છે.

**क्वाहं पशोरपि पशोः ? वीतरागस्तवः क्व च ? ।।**

**– ।। कलिकालसर्वज्ञ ।।**

ક્યાં હું પશુથી ય પશુ ? ને ક્યાં વીતરાગની સ્તુતિ ?
આ શબ્દો દ્વારા મહાપુરુષોએ ભક્ત કરતા ય નીચેના સ્તરની અનુભૂતિ કરી છે.

- બાહ્ય પ્રગતિની સભાનતા આંતરપ્રગતિનું વિઘ્ન છે. કુદરત વધુ પરીક્ષા લેવા માટે બાહ્ય પ્રગતિ આપે છે. જેમાં મહાપુરુષો પાસ થાય છે. તમે ઊંધા બેસીને ઘણું ભણ્યા, હવે સીધા બેસીને ભણો, તમે બોલ્યા વગર મૌન ઘણું રહ્યા, હવે બોલીને મૌન રહો, તમે શિષ્ય તરીકે પાસ થયા, હવે ગુરુ તરીકે પાસ થાઓ. તમે સ્ટેજમાં છેલ્લે ખૂણામાં બધાની પાછળ ધરબાઈ જઈને ઘણું અંતર્મુખ રહ્યા. હવે કેન્દ્રસ્થાને બેસીને અંતર્મુખ રહો. તમે ગુરુને વંદીને ઘણા નમ્ર રહ્યા, હવે ગુરુપૂજન લઈને નમ્ર રહો.

  બાહ્ય પ્રગતિથી અજાણ હોય એ આંતર પ્રગતિ કરી શકે. 'બાહ્ય' એ 'પ્રગતિ' જ ન લાગે એ આંતરપ્રગતિ કરી શકે. બાહ્ય પ્રગતિ જેને સ્વસંબંધિત ન લાગે એ આંતરપ્રગતિ કરી શકે.

- દેવ-ગુરુ મળ્યા, એમાં મને કાંઈ ઓછપ લાગશે, તો મને શિષ્યનો ખપ પડશે. આત્માની અસ્મિતામાં મને કોઈ ઉણપ લાગશે, તો મને પરદ્રવ્યનો ખપ પડશે. 'તારે મારા જ શિષ્ય થવાનું છે.' આનું શુદ્ધ ભાષાંતર એ છે કે 'મારામાં ગુરુ બનવાની પાત્રતા જ નથી.'

  પરદ્રવ્યના સંદર્ભમાં 'નથી જોઈતું' એ પાત્રતા છે. સ્વદ્રવ્ય કે સ્વદ્રવ્યોપષ્ટંભક (દેવ-ગુરુ-ધર્મ) ના સંદર્ભમાં 'જોઈએ છે' એ પાત્રતા છે.

- સજ્જન એ છે કે જેને સાચી પ્રશંસા ય અભક્ષ્ય લાગે છે, તો પછી ખોટી પ્રશંસાનો તો સવાલ જ ક્યાં રહ્યો !

- દુર્જન પોતાનો યશ ફેલાવવા મથે છે. સજજન પોતાનો યશ અટકાવવા મથે છે, છેવટે તો બે ય નિષ્ફળ જાય છે.

✳

# ⁕ જિમ જિમ એ ગિરિ ભે...ટી..એ રે ⁕

## (કાર્તિક પૂર્ણિમા સંવેદના ઝલક)

- ❑ આપણે ફક્ત યાત્રા કરીએ છીએ, ભેટતા નથી, માટે આપણો મોક્ષ થતો નથી. હકીકતમાં તો યાત્રાનો અર્થ જ 'ભેટવું' છે.
- ❑ **या त्रायते भीमभवाटवीभयात् ।**
  ભયાનક ભવભ્રમણના ભયથી જે બચાવી દે, એનું નામ યાત્રા.
- ❑ **ગિરિને ભેટવું એટલે આત્મજ્ઞાનને ભેટવું.** 'સ્વ'ને સમજ્યા વિના કંઈ પણ કરવામાં જોખમ છે. નશામાં માણસ પોતાને જ ભૂલી જાય ને પછી બીજાના ઘરે 'બીજા' તરીકે વર્તવા લાગે તો કેટલા ગોટાળા સર્જાય. આત્મજ્ઞાનના અભાવમાં આ જ સ્થિતિ સર્જાય છે.

**आत्माज्ञानभवं दुःख–मात्मज्ञानेन हन्यते ।। योगशास्त्र ।।**

*દુઃખનું મૂળ છે આત્માનું અજ્ઞાન*
*દુઃખઘાતનું મૂળ છે આત્મજ્ઞાન.*

**આતમ અજ્ઞાને કરી જે ભવ દુઃખ લહીએ,**
**આતમજ્ઞાને તે ટળે એમ માની સદ્દહીએ ।।**

**– સવાસો ગાથા સ્તવન ।।**

**यदज्ञानाज्जगज्जातं यज्ज्ञानेन विलीयते ।**

*જગત થયું જેના અજ્ઞાનથી અને*
*જગતનો વિલય જેના જ્ઞાનથી એનું નામ આત્મા.*

શ્રીમંતે ચાર્ટર્ડ પ્લેન ખોટકાતા અજાણી જગ્યાએ ઉતારી મુશ્કેલીથી કોઈ માણસને ગોતી એને એરપોર્ટ, બસસ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન વગેરે માટે પૂછ્યું. બધામાં 'ના' સાંભળી અકળાયો... "Don't you know any-thing ?" એણે ઠંડકથી કહ્યું, "Sir, I know more than you." "How ?" "You Don't know where are you. I know where I am."

**આત્મજ્ઞાનની પ્રાપ્તિની યાત્રા એ ગિરિરાજની નૈશ્ચયિક યાત્રા છે.**

❑ **ગિરિને ભેટવું એટલે નિઃસ્પૃહતાને ભેટવું.**

જુના મંત્રીને ખુશામત ન ફાવી એટલે રાજીનામું આપ્યું. ઘર આંગણે વાસણ માંજતા હતા, નવા મંત્રીની બગી ત્યાંથી નીકળી. ટોણો માર્યો, ''ખુશામત કરતા આવડતું હોત, તો વાસણ ન માંજવા પડત.''

જુના મંત્રીએ કહ્યું, ''વાસણ માંજતા આવડતું હોત તો ખુશામત ન કરવી પડત.''

પરતણી આશ વિષવેલડી દહે એક જ જાતિ,
જ્ઞાનદહને કરી તે દહે એક.

❑ **ગિરિને ભેટવું એટલે પોતાના સ્વરૂપને ભેટવું.**

**પરનો ભેટો એ જ સંસાર**
**સ્વનો ભેટો એ જ મોક્ષ.**

સ્વમાંથી સ્વ સિવાયનું બધું જ ઉલેચી નાંખવાની પ્રક્રિયા એટલે સિદ્ધગિરિની યાત્રા.

❑ **ગિરિને ભેટવું એટલે યથાખ્યાત ચારિત્રને ભેટવું.**

જિનાજ્ઞા એ ભાવ ગિરિરાજ છે. સાંસારિક સંબંધો પાસે સેંકડો વાર માથું ઝુકાવી ચૂકેલા આપણે જિનાજ્ઞા પાસે કેટલા ટટ્ટાર હોઈએ છીએ.

છગન ઘરની બહાર નીકળતો હતો, પત્નીએ ધડાકો કર્યો. બરાબર અગિયારના ટકોરે ઘરમાં પાછા આવી જજો. છગને પૂર્ણ સમર્પણના રણકા સાથે પ્રશ્ન કર્યો. પહેલા ટકોરે કે છેલ્લા ટકોરે ?

**સંયમ એ ગિરિરાજની છ'રી પાલિત યાત્રા છે. સંયમ એ ગિરિરાજની ૯૯ યાત્રા છે. સંયમ એ ગિરિપ્રદક્ષિણા છે. સંયમ એ ગિરિપૂજન છે. સંયમ એ આદીશ્વર દાદાની પહેલી પૂજા છે. સંયમ એ ગિરિરાજની છાયામાં ચાતુર્માસ છે.** સંયમ એ મોક્ષની લિફ્ટ છે. સંયમ એ મોક્ષનું એસ્કેલેટર છે. સંયમ એ મોક્ષનું જેટ વિમાન છે. સંયમ એ મોક્ષની ગાડીનું એક્સીલેટર છે.

❑ **ગિરિરાજને ભેટવું એટલે સમર્પણને ભેટવું..**

કહે જિન ઈણ ગિરિ પામશો રે લોલ...પુંડરીકસ્વામીએ પ્રભુના વચનને વધાવી લીધું. માટે નાણ અને નિવારણ પામી ગયા.

❑ **ગિરિરાજને ભેટવું એટલે ઉપશમને ભેટવું.**

સાધના કરતા શાંતિનાથ અણગાર પર સિંહ હુમલો કરવા ગયો. એમનો ઉપશમ જોઈને બોધ પામ્યો. પાછળ પાછળ ચાલતા ગિરિરાજ પર પહોંચ્યો. ત્યાંથી પ્રભુ વિહાર કરી રહ્યા છે. સિંહ પાછળ જવા જાય છે. પ્રભુ કહે છે, ''તું અહીં જ રહે. આ ગિરિરાજના પ્રભાવે તારા પાપો નાશ પામશે.'' ત્યાં અનશન કરીને સિંહ પાંચમા દેવલોકે ગયો. પોતાના ઉપકારી પ્રભુનું ત્યાં અદ્ભુત જિનાલય બંધાવ્યું. આજે ય એના પ્રતિક-રૂપે ત્યાં જિનાલય છે.

**એ સિંહ ઉપશમને ભેટ્યો. ખરા અર્થમાં ગિરિરાજને ભેટ્યો. એનું કલ્યાણ થઈ ગયું.**

❑ **ગિરિરાજને ભેટવું એટલે સંવેગને ભેટવું.**

ગિરિરાજની તળેટીએ પ્રભુ વીરનું સમવસરણ રચાયું હતું. પ્રભુએ દેશના આપતા એક વાત કરી કે અત્યારે લેપ શ્રેષ્ઠી નામના એક શ્રાવકને કેવળજ્ઞાન થયું છે. આ સાંભળીને ઘણા મહાત્માઓ તીવ્ર સંવેગ પામ્યા. **એક શ્રાવક આટલા આગળ નીકળી ગયા... અને અમે સાધુ થઈને ય... આ જ સંવેગની ધારામાં એ મહાત્માઓ પણ કેવળજ્ઞાન પામી ગયા. કારણ કે એ ખરા અર્થમાં ગિરિરાજને ભેટ્યા હતા.**

❑ **ગિરિરાજને ભેટવું એટલે મૈત્રીભાવને ભેટવું.**

દ્રાવિડ અને વારિખિલ્લ વેર છોડીને યુદ્ધથી અટક્યા અને આજના દિવસે ૧૦ કરોડ મુનિઓ સાથે ગિરિરાજથી મોક્ષે ગયા. કારણ કે એ ખરા અર્થમાં ગિરિરાજને ભેટ્યા હતા.

**જિમ જિમ એ ગિરિ ભેટીએ રે,**
**તિમ તિમ પાપ પલાય સલૂણા.**

# ✻ જોઈએ છે ✻

## આધ્યાત્મિક વૈયાવચ્ચ કેન્દ્ર

(૧) જે દરેક ઉપાશ્રયની દીવાલોને સંયમજીવનોપયોગી પુસ્તકોથી મઢી દે. જેમાં રેલાતો અધ્યાત્મ, વૈરાગ્ય, આચારનો પ્રકાશ એક-એક સંયમી ભગવંતના જીવનને ઝળહળા કરી દે.

(૨) જે દરેક ઉપાશ્રયના ખૂણે ખાંચરેથી દૈનિક પત્રોના ઢગલાઓનો તાત્કાલિક નિકાલ કરી દે. અને તેના દ્વારા નૂતન દીક્ષિતોના સંયમજીવનની રક્ષા કરી દે.

(૩) જે દરેક સંઘમાં પીઢ ગીતાર્થ પૂજ્યો અથવા પીઢ યોગ્ય પંડિતો દ્વારા સંયમજીવનોપયોગી વાચનાઓ અપાય એવું આયોજન કરે. જેથી તે-તે વિસ્તારના ૨૦/૨૫ ઉપાશ્રયોમાં બિરાજમાન પૂજ્યો પ્રતિદિન સંયમજીવન માટેની નવી ઊર્જા અને નવું ચાર્જીંગ મેળવી શકે.

(૪) જે દરેક સ્થાનિક મહાત્માઓના જ્ઞાનાભ્યાસ અને આધ્યાત્મિક વિકાસનું એક રજીસ્ટર બનાવે અને દર અઠવાડિયે એમનો નવો નવો રિપોર્ટ લઈને એમને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરે.

(૫) જે શ્રાદ્ધવિધિ ગ્રંથમાં પ્રતિપાદિત વિધિ દ્વારા મા-બાપ સમાન શ્રાવકો વડે સીદાતા સંયમીઓનું ધર્મમાં સ્થિરીકરણ કરે.

(૬) જે યોગ્ય શ્રાવકોની ટીમ દ્વારા બીમાર, વયોવૃદ્ધ પૂજ્યોને પ્રતિદિન નિર્યામણા કરાવે અને યોગ્ય શ્રાવિકાઓની ટીમ દ્વારા તથાવિધ સાધ્વીજીઓને ઉપરોક્ત શ્રવણ કરાવે.

(૭) જે સંસ્કૃત પાઠશાળાઓના કોર્સમાં અધ્યાત્મ, વૈરાગ્ય અને આચાર ગ્રંથોનો સમાવેશ કરાવે અને પ્રેકટીકલ ધ્યાનસાધનાનો સમાવેશ કરાવે, જેથી પ્રત્યેક સંયમી ભગવંતને અદ્‌ભુત પરિણતિસમ્પન્ન બનાવી શકે તેવા પંડિતવર્યોનું સર્જન થાય.

(૮) જેને દરેક શ્રમણ-શ્રમણી ભગવંત એમના દીકરા-દીકરી લાગે, જે બાહ્ય સેવાઓની વૃદ્ધિને સમાંતર-સમાંતર આંતરિક સેવાઓનું વિવેકપૂર્ણ અને ભક્તિપૂર્ણ આયોજન કરે.

(૯) જે શ્રીસંઘને સંયમધર્મની ગરિમા સમજાવે અને ઉપાશ્રયમાં કોણે અવાય, ક્યારે અવાય, કેવી રીતે અવાય, ગોચરીના સમયે ઘરની અને ઘરના સભ્યોની કેવી સ્થિતિ હોવી જોઈએ ઈત્યાદિ સમજણ આપે.

શ્રમણસંસ્થાના પ્રશ્નો લઈને આવતાં સુશ્રાવકોને મારી વિનંતિ છે- જો આધ્યાત્મિક વૈયાવચ્ચનો એકાદ નાનો દીવો પણ આપણે પ્રગટાવ્યો નથી તો અંધારાની ફરિયાદો કરવાનો કોઈ અર્થ નથી. નેગેટીવ વાતાવરણ પૂરે પૂરુ પૂરું પાડ્યું હોય અને પોઝિટીવના નામે દુકાળ વર્તતો હોય તો બીજું શું થાય ? અમે કાંઈ સિદ્ધ નથી, અમે તો સાધનાના માર્ગે પા પા પગલી ભરતા સાધકો છીએ. નૈશ્ચયિક દૃષ્ટિએ સર્વોત્કૃષ્ટ સુપાત્રદાન આધ્યાત્મિક પરિણતિનું દાન છે. એ મળશે તો સાધનો અને સગવડોની જરૂર નહી રહે. દીક્ષાનો ઉદ્દેશ્ય સરશે. સંયમીઓને જોઈ શ્રીસંઘની આંખ ઠરશે. સંયમીઓની ગરિમા એટલી વધશે કે લોકો એમની દ્રવ્યભક્તિ માટે પણ અનેકગણા ઉલ્લાસવાળા થશે.

✳

# ※ મનોમંથન ※

પહેલા એનકાઉન્ટરની જરૂર છે અશ્લીલ વેબસાઈટ્સને.
બીજા એનકાઉન્ટરની જરૂર છે નિર્લજ્જ મુવીઝને.
ત્રીજા એનકાઉન્ટરની જરૂર છે બેશરમ ફોટોઝને.
ચોથા એનકાઉન્ટરની જરૂર છે સહશિક્ષણની પદ્ધતિને.
પાંચમાં એનકાઉન્ટરની જરૂર છે ભોગવાદી શિક્ષણને.
છટ્ઠા એનકાઉન્ટરની જરૂર છે મન બગાડનારા મીડિયાને.
સાતમા એનકાઉન્ટરની જરૂર છે વેસ્ટર્ન કલ્ચરને.
આઠમા એનકાઉન્ટરની જરૂર છે શેમલેસ ડ્રેસિસને.

જો આ આઠ એનકાઉન્ટર નહીં કરવામાં આવે
તો બીજા લાખો-કરોડો એનકાઉન્ટર્સ કરવા પડશે.
જે થોડા ઘણા બચ્યા હશે
તેઓ જો ખરેખર નિર્દોષ હશે,
તો તેમને ભગવાનનો દરજ્જો આપવો પડશે,
બાકી આ ભયાનક આંતરિક આક્રમણોમાં
બચી જવું,
એ માણસનું ગજું જ નથી.

* * * * * *

**विक्षेपो नास्ति यस्मान्मे**
**न समाधिस्ततो मम ।**
**विक्षेपो वा समाधिर्वा,**
**मनसः स्याद्विकारिणः ।।**

*નથી મારો વિક્ષેપ*
*માટે જ, નથી મારી સમાધિ*

*વિક્ષેપ કે સમાધિ તો*
*વિકારી મનના હોય છે.*
*ને*
*હું છું*
*તદ્દન નિર્વિકાર.*

* * * * * *

**किं नाम रोदिषि सखे न च जन्मदुःखं,**
**किं नाम रोदिषि सखे न जरा न मृत्युः ।**
**किं नाम रोदिषि सखे न च ते विरूपं,**
**ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ।।**

*મિત્ર !*
*તું કેમ રડે છે ?*
*તારો તો જન્મ પણ નથી*
*અને મૃત્યુ પણ નથી*
*ને ઘડપણ પણ નથી*
*તને દુઃખી કરવો એ શક્ય જ નથી.*
*તું તો જ્ઞાનામૃત છે*
*સમરસ છે*
*આકાશતુલ્ય છે.*
*તું આ જ વિચાર કર કે*
*હું જ્ઞાનામૃત, સમરસ અને આકાશતુલ્ય છું.*

* * * * * *

**मय्यनन्तभवाम्भोधौ,**
**विश्ववीचिः स्वभावतः ।**
**उदेतु वाऽस्तमायातु,**
**न मे वृद्धिर्न वा क्षतिः ।।**

*હું*
*એટલે અનંત યાત્રાનો સાગર*
*મારામાં વિશ્વના તરંગ એના સ્વભાવથી*
*ઉઠે*
*કે શાન્ત થાય*
*નથી મારી કોઈ વૃદ્ધિ*
*નથી મારી કોઈ ક્ષતિ.*

* * * * * *

**यदि देहात् पृथक्कृत्य**
**चिति विश्रम्य तिष्ठसि ।**
**अधुनैव सुखी शान्तो**
**बन्धमुक्तो भविष्यसि ।।**

*આત્મન્!*
*જો તું તારા ઉપયોગને*
*તારા દેહ પરથી હટાવી દઈશ*
*અને*
*'ચિત્' પર જ વિશ્રાન્ત બની જઈશ*
*તો આજે ને હમણા જ*
*સુખી, શાન્ત*
*અને બન્ધમુક્ત*
*બની જઈશ.*

# ※ ૪૫ આગમ પરિચય ※

(૧) હિંસા એ જ નરક
અને વિષયો એ જ સંસાર
આવી અદ્‌ભુત અને સચોટ
પ્રરૂપણા સાથે આચારમાર્ગના અજવાળા
એટલે જ
પરમ પાવન **શ્રી આચારાંગસૂત્ર.**

(૨) તું ફક્ત ગુરુની ઈચ્છાની પાછળ
પાછળ ચાલે જા. મોક્ષ આવી જશે.
સમર્પણ, વૈરાગ્ય અને દાર્શનિક શાસ્ત્રોનો
હૃદયવેધક નિચોડ
એટલે જ
પરમ પાવન **શ્રી સૂત્રકૃતાંગસૂત્ર.**

(૩) અરિહંત, અરિહંતકથિત ધર્મ અને પૂર્વગત શ્રુત
આ ત્રણનો વિચ્છેદ થાય
ત્યારે દુનિયામાં અંધકાર છવાઈ જાય છે
કદી ન સાંભળ્યા હોય એવા ગજબનાક પદાર્થોનો
અનેરો ઉપહાર એટલે જ
પરમ પાવન **શ્રી સ્થાનાંગસૂત્ર.**

(૪) સૂરજ જ્યારે સૌથી અંદરના વર્તુળમાં આવે
ત્યારે અહીંના મનુષ્યને ૪૭,૨૬૩ ૨૧/૬૦
યોજન દૂર સૂરજ દેખાય છે.
કૈવલ્યનો બોલતો પુરાવો
એટલે જ પરમ પાવન **શ્રી સમવાયાંગ સૂત્ર.**

(૫) કામભોગો પાછળ દોડે તે નાદાન
એમને છોડે તે સમજુ.
સૌથી વિરાટ આગમ-જેમાં શું છે એ પ્રશ્ન નથી
શું નથી એ જ પ્રશ્ન છે,
એનું નામ પરમ પાવન **શ્રી ભગવતીસૂત્ર.**

(૬) નજર સામે આ લોક તો સાધના દુષ્કર
નજર સામે પરલોક તો સાધના સાવ જ સરળ.
દૃષ્ટાંતો, કથાઓ અને ઉપદેશોનો ઉપહાર
એટલે જ પરમ પાવન **શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર.**

(૭) 'પ્રભુ ! તે કહ્યું,
વાત પૂરી થઈ ગઈ.'
પ્રભુના પરમ ભક્ત દશ મહાશ્રાવકોની
સાધના કથા
એટલે જ પરમ પાવન **ઉપાસકદશાસૂત્ર.**

(૮) ગૌતમસ્વામીની આંગળી પકડીને
ગોચરી માટે લઈ જતા
રાજકુમાર અઈમુત્તા
છેવટે જિનાજ્ઞાની આંગળી ઝીલીને મોક્ષે પહોંચે છે.
એવા ચરમશરીરી મહાપુરુષોની લોકોત્તર કથાઓ
એટલે જ પરમ પાવન
**શ્રી અંતકૃતદશા સૂત્ર.**

(૯) પ્રભુ વીરે જેમને નંબર વન આપ્યો
એવા ધન્ના અણગાર જેવા મહાત્માઓનું
નખશિખ શબ્દચિત્ર
એટલે જ પરમ પાવન **શ્રી અનુત્તરોપપાતિકદશા સૂત્ર.**

(૧૦) શ્રેષ્ઠ જ્ઞાન કેવળજ્ઞાન.
શ્રેષ્ઠ વ્રત બ્રહ્મચર્ય.
શ્રેષ્ઠ ઉદ્ગારો દ્વારા શ્રેષ્ઠ પદનો
માર્ગ ચીંધનાર આગમ એટલે જ
પરમ પાવન **શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્ર.**

(૧૧) પાપથી દુઃખ જ
ધર્મથી સુખ જ
વીશ જીવંત કથાઓથી પ્રત્યક્ષ દેખાડનાર આગમ
એટલે જ પરમ પાવન **શ્રી વિપાકસૂત્ર.**

(૧૨) જેવા તમારા ભાવ.
એવો તમારો ભવ.
સ્પષ્ટ ભવિષ્યવાણી અને સ્પષ્ટ ઘટનાઓનો ઉપહાર
એટલે જ પરમ પાવન **શ્રી ઔપપાતિકસૂત્ર.**

(૧૩) એક મહાનાસ્તિકને
ત્રીજા જ ભવે મોક્ષ સુધી પહોંચાડનાર
જિનશાસનની ગૌરવ ગાથા
એટલે જ પરમ પાવન **શ્રી રાજપ્રશ્નીય સૂત્ર.**

(૧૪) 'જીવ' ની એનસાઈક્લોપીડિયા
કેવળજ્ઞાનમાં દેખાતી રિયલ બાયોલોજી
એટલે જ પરમ પાવન **શ્રી જીવાભિગમસૂત્ર.**

(૧૫) તમે પોચી પથારીએ સૂતા, ગયું તમારું બળ.
તમે કુસંગ કર્યો, ગયો તમારો તપ.
તમે વિકથાએ વળગ્યા, ગયું તમારું જ્ઞાન.
અજવાળાનો અદ્ભુત વારસો
એટલે જ પરમ પાવન **શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર.**

(૧૬) મેરુ પર્વતની ચારે બાજુ
૧૧૨૧ યોજનને છોડીને જ્યોતિષચક્ર ભ્રમણ કરે છે.
ગણિતાનુયોગ અને ખગોળવિજ્ઞાનનો
અણમોલ ઉપહાર
એટલે જ પરમ પાવન **શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર.**

(૧૭) સુવર્ણ ને ઢેફું.
કુહાડાનો પ્રહાર ને ચંદનનું વિલેપન
બધું જ જ્યાં સરખું બની ગયું એનું નામ પ્રભુ.
ઈતિહાસ અને ભૂગોળ સાથે મહાપુરુષોની
સાધનાકથાનો ખજાનો
એટલે જ પરમ પાવન **શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર.**

(૧૮) ચન્દ્રની ગતિથી માંડીને
એના પ્રભાવ સુધીની વિસ્મયજનક
માહિતીઓનો ભંડાર
એટલે જ પરમ પાવન **શ્રી ચન્દ્રપ્રજ્ઞપ્તિસૂત્ર.**

(૧૯) તમારે નરકે નથી જવું ને ?
તો જોઈ લો આ રસ્તો ને બચજો એનાથી.
એ સીધો નરકમાં જાય છે.
નરકના દશ પથિકની દર્દનાક કથા
એટલે જ પરમ પાવન **શ્રી કલ્પિકાસૂત્ર.**

(૨૦) તમારે સ્વર્ગે જવું છે ?
આ છે એનો સીધો રસ્તો.
સ્વર્ગગામી સંયમસાધકોની સ્વર્ણિમ કથા
એટલે જ પરમ પાવન **શ્રી કલ્પાવતંસિકાસૂત્ર.**

(૨૧) સંયમની વિરાધના આત્માને ક્યાં લઈ જાય છે
ને ચન્દ્ર વગેરે જ્યોતિષ-ઈન્દ્રોનો પૂર્વભવ કયો હતો.
એની રોમાંચક કથાઓ
એટલે જ પરમ પાવન **શ્રી પુષ્પિકાસૂત્ર.**

(૨૨) પાર્શ્વ પ્રભુના હાથે જ
દીક્ષિત બનેલા શ્રમણી ભગવંતોની
અજબ વળાંકોવાળી કથા સરિતા
એટલે જ પરમ પાવન **શ્રી પુષ્પચૂલિકા સૂત્ર.**

(૨૩) પ્રભુ નેમિનાથનું શરણ સ્વીકારી
એમના જ બાર ભત્રીજાઓએ જે સાધના કરી
ને તેનું જે ફળ પામ્યા
એનું આલંબનીય વર્ણન
એટલે જ પરમ પાવન **શ્રી વૃષ્ણિદશા સૂત્ર.**

(૨૪) આરાધનાનું અમૃત અને સાધનાનું સર્વસ્વ
નિશ્ચિત સમાધિ અને નિશ્ચિત સદ્‌ગતિ
એટલે જ પરમ પાવન **શ્રી ચતુઃશરણપ્રકીર્ણક સૂત્ર.**

(૨૫) મરવું, તો એવી રીતે
જેથી ફરી કદી મરવું જ ન પડે.
મૃત્યુકળાનો અદ્‌ભુત ખજાનો
એટલે જ પરમ પાવન **શ્રી આતુરપ્રત્યાખ્યાનપ્રકીર્ણક સૂત્ર.**

(૨૬) વૈરાગ્યરસથી અંતર તરબતર થઈ જાય
ને અંતિમ સમાધિ દ્વારા મોક્ષ નિશ્ચિત થઈ જાય
એવો અનેરો ઉપહાર
એટલે જ પરમ પાવન **શ્રી મહાપ્રત્યયાખ્યાનપ્રકીર્ણક સૂત્ર.**

(૨૭) સમાધિસાધકોના ગજબનાક આલંબનો
અને સત્ત્વની સાક્ષાત્ સુધા-પરબ
એટલે જ પરમ પાવન **ભક્તપરિજ્ઞાપ્રકીર્ણક સૂત્ર.**

(૨૮) વાંભ વાંભ ઉછળતો સંવેગ-સાગર
અને વિષય-આસક્તિનું સમૂલ-ઉન્મૂલન
એટલે જ પરમ પાવન
શ્રી **તંદૂલવૈચારિકપ્રકીર્ણકસૂત્ર.**

(૨૯) સર્વશ્રેષ્ઠ આરાધના એટલે
સંસ્તારક આરાધના
શે કરવી આ આરાધના,
કેવા કેવા પ્રચંડ સત્ત્વશાળીઓએ કરી આ આરાધના
એની અદ્ભુત પ્રરૂપણા
એટલે જ પરમ પાવન **શ્રી સંસ્તારકપ્રકીર્ણક સૂત્ર.**

(૩૦) રહસ્યસૂત્રોનું અમૃત ઝરણું
સંયમજીવનનો અણમોલ ઉપહાર
એટલે જ પરમ પાવન **શ્રી ગચ્છાચારપ્રકીર્ણકસૂત્ર.**

(૩૧) દિવસ, તિથિ, નક્ષત્ર, કરણ, ગ્રહ, મુહૂર્ત,
શકુન, લગ્ન અને નિમિત્ત
આ નવ બળ અને દીક્ષા વગેરેનો યોગ્ય સમય
આ વિષયની સૂક્ષ્મ છણાવટ
એટલે જ પરમ પાવન **શ્રી ગણિવિદ્યાપ્રકીર્ણકસૂત્ર.**

(૩૨) જિનશાસનના એક શ્રાવકના મુખે
એમના શ્રાવિકા સમક્ષ ૩૨ ઈન્દ્રોની રજૂઆત
એટલે જ પરમ પાવન **શ્રી દેવેન્દ્રસ્તવપ્રકીર્ણકસૂત્ર.**

(૩૩) વિશુદ્ધ શિષ્યત્વ
અને રાધાવેધ સમાન અંતિમ સમાધિની સાધના
વગેરે પર ઝળહળતો આધ્યાત્મિક પ્રકાશ
એટલે જ પરમ પાવન **શ્રી ચન્દ્રાવેધ્યકપ્રકીર્ણકસૂત્ર.**

(૩૪) ગીતાર્થતાદાયક, સંયમશુદ્ધિદાયક
અને સદ્ગુરુના સર્વસ્વ સમું આગમ
એટલે જ પરમ પાવન **શ્રી નિશીથસૂત્ર.**

(૩૫) મડદાંને ય દોડતો
કરી દે એવા પરાકાષ્ઠાના વૈરાગ્યના ઉદ્ગારો
એટલે જ પરમ પાવન **શ્રી મહાનિશીથસૂત્ર.**

(૩૬) શ્રમણ-આચાર અને પ્રાયશ્ચિત્ત વિષે
વિરાટ અને સૂક્ષ્મ જ્ઞાનનો ભંડાર
એટલે જ પરમ પાવન **શ્રી બૃહત્કલ્પસૂત્ર.**

(૩૭) પાંચ પ્રકારના વ્યવહારો અંતર્ગત
આલોચના વગેરે મોક્ષદાયી વિધિનું વિશદ વર્ણન
એટલે જ પરમ પાવન **શ્રી વ્યવહારસૂત્ર.**

(૩૮) આત્મશુદ્ધિ દ્વારા મોક્ષપ્રાપ્તિ કરાવનાર
પરમ શ્રદ્ધેય પ્રાયશ્ચિત્તશાસ્ત્ર
એટલે જ પરમ પાવન **શ્રી જીતકલ્પસૂત્ર.**

(૩૯) પવિત્ર કલ્પસૂત્રના મૂળ સ્થાન સ્વરૂપ
જ્ઞાનના વિવિધ ક્ષેત્રોને અજવાળાનું આગમ
એટલે જ પરમ પાવન **શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર.**

(૪૦) સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ.
કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ
આ છ આવશ્યકોનો અદ્‌ભુત રસથાળ
એટલે જ પરમ પાવન **શ્રી આવશ્યકસૂત્ર.**

(૪૧) શ્રમણને દીક્ષાના પહેલા જ દિવસે શીખવાય
ને દીક્ષાના છેલ્લા દિવસ સુધી જે શ્રમણને શીખવતું રહે
એવું સંયમ સર્વસ્વ આગમ
એટલે જ પરમ પાવન **શ્રી ઓઘનિર્યુક્તિસૂત્ર.**

(૪૨) પાંચમા આરાના છેડા સુધી જીવંત રહેનારુ
અને લાખો સંયમીઓની પરિણતિને જીવંત રાખનારું
ચૌદ પૂર્વના સારરૂપ આગમ
એટલે જ પરમ પાવન **શ્રી દશવૈકાલિકસૂત્ર.**

(૪૩) જેનું પારાયણ કરતા
સીધા ચોથા આરામાં પહોંચી ગયાની અનુભૂતિ થાય
એવું
છત્રીશ અધ્યયનો દ્વારા સંપૂર્ણ મોક્ષમાર્ગ આપી દેનારું આગમ
એટલે જ પરમ પાવન **શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર.**

(૪૪) તીર્થંકરોને ય વંદનીય શ્રીસંઘની સ્તુતિ
અને સમ્યક્‌જ્ઞાનની વિસ્તૃત પ્રરૂપણા દ્વારા
મહામંગલકારી આગમ
એટલે જ પરમ પાવન **શ્રી નંદીસૂત્ર.**

(૪૫) ચાર અનુયોગના સૂક્ષ્મતમ સોપાનો દ્વારા
સર્વ આગમોના બોધને સુગમ બનાવી દેનાર આગમ
એટલે જ પરમ પાવન **શ્રી અનુયોગદ્વાર સૂત્ર.**

✻

## ❊ આનંદઘનીય શ્રી અભિનંદન જિનસ્તવન – ચિંતન ❊

- ❑ અધ્યાત્મવિશ્વમાં પ્રત્યેક વસ્તુનું ખરું મૂલ્ય છે. તરસ.
  જેની આપણને તરસ જ ન'તી, એ વસ્તુ આપણે પી લીધી એ આપણી ભ્રાન્તિ હોય છે. હકીકતમાં એ વસ્તુ આપણને મળી જ નથી હોતી.
- ❑ વિશ્વમાં સર્વોત્કૃષ્ટ દુર્લભ વસ્તુ છે જિનદર્શન. સંયમાદિ મોક્ષ સુધીની વસ્તુની દુર્લભતા એક અપેક્ષાએ સમ્યકત્વની દુર્લભતાને આધારે જ છે. સમ્યક્ત્વ મળે એટલે સંયમાદિ ચપટીમાં મળી જાય છે.
- ❑ **सम्मत्तम्मि लद्धे पलियपुहुत्तेण सावओ होज्जा ।**
  **चरणोवसमखयाणं सागरसंखंतरा हुंति ।।**

  સમ્યકત્વ મળે એટલે પલ્યોપમપૃથકત્વ જેટલા સમયમાં શ્રાવક બને છે. ચારિત્ર, ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ માટે સંખ્યાતા સાગરોપમ જેટલો સમય લાગે છે. અનાદિ ભવચક્રની અપેક્ષાએ આ કાળ ચપટીથી વધારે નથી.
- ❑ **सम्मत्तम्मि उ लद्धे ठइयाणि णरयतिरयदाराणि ।**
  **दिव्वाणि माणुसाणि य मोक्खसुहाणि सहीणाणि ।।**
  સમ્યકત્વ મળે એટલે નરક-તિર્યંચના દ્વારો બંધ થઈ જાય છે, દેવલોકના, મનુષ્યલોકના અને મોક્ષના સુખો સ્વાધીન થઈ જાય છે.
- ❑ **सिज्झंति चरणरहिया, दंसणरहिया ण सिज्झंति ।**
  જેમનામાં ચારિત્ર નથી, તેમનો મોક્ષ થાય છે. પણ જેમનામાં દર્શન નથી, તેમનો મોક્ષ થતો નથી.

## ❖ સૌ થાપે અહમેવ ❖

અનાદિકાળથી દઢ રૂઢ થયેલી દષ્ટિ છે. અહમ્ ની દષ્ટિ. આપણે બાહ્યદષ્ટિએ અસંખ્ય દર્શનો બદલ્યા. આંતરિક દષ્ટિએ આપણે સતત એક જ દર્શનના અઠંગ ઉપાસક બન્યા – અહં-દર્શનના 'હું' એ પરમ ઉપાસ્ય

રહ્યું. બીજું બધું જ આપણને સ્વીકાર્ય હતું. જો એ આપણા 'હું'ની ઉપાસનાનું બાધક ન બનતું હોય.

**આપણે તો તીર્થંકર સુદ્ધાને કહી દીધેલ. 'તમે મારા ગુરુ ખરા, પણ શરતો લાગુ.' વ્યક્ત રીતે નહીં, તો અવ્યક્ત રીતે – પણ આપણે આવી વાત કરી દીધી હતી. ''આપ મારા અહંને ટચ ન કરો. ન એને ખોદો, ન એને ખોતરો. એને પંપાળ્યા કરો, તો આપ મારા ગુરુ.''**

## ❖ ગુરુગમ કો નહીં ❖

- જ્યાં ગુરુની ગમ હોય, ત્યાં ગુરુગમ હોય, ગુરુને જે સમજે છે, એ ગુરુ પાસેથી જ્ઞાન મેળવી શકે છે. ૧૧ ગણધરોને ગુરુ પ્રત્યે પરાકાષ્ઠાનું બહુમાન હતું. તો તેમણે અંતર્મુહૂર્તની અંદર પરાકાષ્ઠાનું શ્રુતજ્ઞાન મેળવી લીધું.
- **અમને યોગ્ય ગુરુ નથી મળતા આનો શુદ્ધ અર્થ એ છે કે અમે યોગ્ય શિષ્ય નથી. યોગ્ય શિષ્યને યોગ્ય ગુરુ અવશ્ય મળે છે, ત્યાં સુધી કે યોગ્ય શિષ્યને જે મળે છે, એ એના માટે યોગ્ય ગુરુ હોય છે, ત્યાં સુધી કે એમને અભવ્ય મળે એ પણ એના માટે યોગ્ય ગુરુ હોય છે, સ્વરૂપતઃ એમની યોગ્યતા ન હોવા છતાં યોગ્ય શિષ્ય માટે એ યોગ્ય ગુરુ હોય છે. કારણ કે એનાથી એમનો નિસ્તાર થઈ જાય છે.**
- સદ્ગુરુ આપણને અનંતવાર મળી ચૂક્યા છે ને આપણે મળેલા સદ્ગુરુને અનંતવાર ગુમાવી ચૂક્યા છીએ. જેને સદ્ગુરુની ગમ પડે છે, એને જ સદ્ગુરુ ફળે છે. કારણ કે એને જ સદ્ગુરુ તાત્ત્વિક રીતે મળે છે.
- ખરો સવાલ એ નથી કે નદીમાં પાણી કેટલું હતું. ખરો સવાલ એ છે કે ઘડો ઝુક્યો'તો કે નહીં, નદી સુકાઈ ગઈ હશે, તો ય એમાં ખોદકામથી પાણી મળી જશે.

शुष्कोऽपि हि नदीमार्गः, खन्यते सलिलार्थिभिः ।

પણ એ પાણીને ય મેળવવા માટે ઘડાએ ઝુકવું પડશે. જે ઘડો ઝુકતો જ નથી એ નદીને સમજ્યો જ નથી. જે ઘડો ઝુકતો જ નથી એ પાણીને પણ સમજ્યો જ નથી.

ઉચિત વિનયથી આપણે જેટલા અંશ નીચે ઉતરીએ છીએ, એટલા અંશે આપણને ગુરુની અને જ્ઞાનની ગમ ઓછી છે. એટલા અંશે આપણે ગુરુની અને જ્ઞાનની મજાક બનાવીએ છીએ.

**ગૌતમસ્વામીને મહાવીરસ્વામીમાં જે દેખાતું હતું એ જ્યારે આપણને ગુરુમાં દેખાવા લાગશે ત્યારે આપણા જ્ઞાનના દરવાજા પૂરેપૂરા ખુલી જશે, ઝુકવું એ ગૌતમસ્વામીનો પરિચય છે, ટટ્ટાર રહેવું એ ગોશાળાનો પરિચય છે.**

❑ ગુરુગમ વગરનું આગમ અગમ બની રહે છે, એમાં કશી જ ગતાગમ પડી શકતી નથી. ગુરુગમ આગમને સુગમ બનાવી દે છે. એક અપેક્ષાએ તો ગુરુગમ એ જ આગમ છે.

## ❖ કિમ ભાંજે વિષપાન ? ❖

❑ નિશ્ચયનયના મતે અપ્રમત્ત સંયમ એ જ સમ્યકત્વ છે. પ્રમાદ પણ મિથ્યાત્વ છે, દેશવિરતિ એ ય મિથ્યાત્વ છે અને અવિરતિ પણ મિથ્યાત્વ છે.

વ્યવહારનય કહે છે કે કુદેવાદિને સુદેવાદિ માનીને ઉપાસવા એ મિથ્યાત્વ છે, નિશ્ચયનય કહે છે, એ તો મિથ્યાત્વ છે જ, બાઈક પર બેસવું એ ય મિથ્યાત્વ છે, ચૂલો પેટાવવો એ ય મિથ્યાત્વ છે, દુકાને જવું એ ય મિથ્યાત્વ છે, સ્વીચ ઓન ઓફ કરવી એ ય મિથ્યાત્વ છે.

❑ સંસાર એ જ મિથ્યાત્વ, સંયમ એ જ સમ્યકત્વ.
નિશ્ચયનયને શ્રાવક શબ્દ સમજાતો જ નથી. યા મિથ્યાત્વી હોય, યા સંયમી હોય, ત્રીજું તો શું હોઈ શકે ?

❑ ષટ્કાયવિરાધના સ્વયં અબોધિ છે, અબોધિનું કારણ પણ છે.

**तं से अहियाए तं से अबोहिए ।। आचारांगसूत्र ।।**

## ❖ ધિટ્ઠાઈ કરી મારગ સંચરું ❖

ડુંગરાઓ, ગીચ જંગલ, ભોમિયો નહીં, વારંવાર સામે આવતા બે-ત્રણ ફાંટા - આમાં ધિટ્ઠાઈ વગર તો કેવી રીતે આગળ વધી શકાય ? ચાલી રહ્યા છીએ, રસ્તો સાચો છે કે નહીં એ ખબર નથી. ઘાતી ડુંગરો જ્યાં સુધી છે, ત્યાં સુધી આ જ દશા રહેવાની. કેવળજ્ઞાન વિના બધું ધુંધળું રહેવાનું. માટે જ કહ્યું -

**સંશય નવિ ભાંજે શ્રુતજ્ઞાને.**

યાદ આવે યોગબિન્દુ -

**हस्तस्पर्शसमं शास्त्रम् ।**

અંધ વ્યક્તિ હાથથી સ્પર્શ કરીને જે બોધ કરે એના જેવો શાસ્ત્રથી થતો બોધ હોય છે.

યાદ આવે તત્ત્વાર્થાધિગમસૂત્ર -

**आद्ये परोक्षम् । प्रत्यक्षमन्यत् ।**

મતિ-શ્રુતજ્ઞાન એ પરોક્ષ જ્ઞાન છે, અવધિ-મનઃપર્યવ-કેવળજ્ઞાન એ પ્રત્યક્ષ જ્ઞાન છે.

**સાધ્ય પરોક્ષ હોય, એ હજી સમજાઈ શકે, પણ સાધન પણ પરોક્ષ હોય, એમાં સાધના કરવી શી રીતે ? સાધન કેમ પરોક્ષ ? કારણ કે સાધનનું સાધનત્વ પરોક્ષ છે, પ્રત્યક્ષ જ્ઞાન સિવાય બધું જ પરોક્ષ રહેવાનું.**

નિશ્ચય નય તો ત્યાં સુધી કહે છે કે જેનાથી તમે વિરતિ પામી જાઓ એ ખરું સમ્યકત્વ. જેનાથી તમે સિદ્ધિ પામી જાઓ એ ખરી સાધના.

યાદ આવે પંચસૂત્ર -

**उवाओ य साहगो णियमेण, तत्तचाओ अण्णहा ।**

ઉપાય એ અવશ્ય સાધક હોય છે, નહીં તો ઉપાયનું ઉપાયપણું જ ન રહે.

તો સાર આ આવ્યો - હું સાધના કરું છું કે ધિટ્ઠાઈ કરું છું, એની મને ખબર નથી.

## ❖ દર્શન દુર્લભ સુલભ કૃપા થકી ❖

❑ આખા ગામમાં હો હા થઈ ગઈ. એક માણસ કૂવામાં પડી ગયો. પાણીની સપાટી જમીનથી સો ફૂટ નીચે. નીચે એ ને ઉપર લોકોનું ટોળું. હવે ? આમ તો એનું બચવું સાવ જ અશક્ય લાગતું હતું. પણ એક માણસ દોરડું લઈ આવ્યો. દોરડું નીચે નાંખવામાં આવ્યું. પેલાએ સજ્જડ પકડી લીધું. બધાએ જોર કરીને દોરડું ખેંચવા માંડ્યું ને છેવટે પેલો ઉપર આવી ગયો.

❑ **જિનદર્શન દુર્લભ છે. આપણે મિથ્યાત્વના કૂવામાં છીએ. કાંઠે સદ્ગુરુ છે. એ આપણને કાઢવા માટે સમર્થ છે. જરૂર છે દોરડાની, દોરડું છે કૃપા. ગામ લોકોએ ઉપરથી નીચે દોરડું નાંખ્યું હતું. આપણે જોઈ રહ્યા છીએ. મીટ માંડી રહ્યા છીએ, સદ્ગુરુ દોરડું નાંખે, કૃપા વરસાવે, આપણને બહાર કાઢે, પણ તે શક્ય નથી, કૃપાનું દોરડું નીચેથી ઉપર નાંખવાનું હોય છે.**

**तद्विषयबहुमानभाव एव तत्प्रसादः ।**

તેમના પ્રત્યેનું અવિહડ બહુમાન એ જ તેમની કૃપા.

સદ્ગુરુ આપણને બહાર કાઢવા ક્યારના સજ્જ છે. એ મીટ માંડી રહ્યા છે. આપણે ક્યારે દોરડું નાંખીએ છીએ. આમ તો નીકળવું અશક્ય છે, પણ જો દોરડું નાંખી દઈએ, તો એ શક્ય બની શકે. જોઈએ, હવે આપણે શું કરીએ છીએ ?

✻

## ❖ દર્પણ જિમ અવિકાર ❖

આગમમાં શ્રમણને એક ઉપમા આપી છે.

**आयंसफलए चेव ।**

જાણે સાક્ષાત્ અરીસો.

અરીસામાં જે હોય એ પ્રતિબિંબિત થઈ જવાનું. As it is. નથી વધારવાનું, નથી વઘારવાનું, નથી ગોઠવવાનું નથી બનાવવાનું, નથી કોઈને બનાવવાના, આનું નામ અરીસો. જે છે એ છે – આનું નામ અરીસો.

આપણે પ્રભુના ચરણમાં માથું નમાવીએ ને જો પ્રભુ પૂછે, "તું કોણ છે ?" ને આપણે જો કહીએ કે, "હું દિલિપભાઈ, પંકજ સોસાયટીના આ નંબરના બંગલામાં રહું છું. આટલા આટલા સુકૃતો કર્યા, રોજ ચોવિયાર, ઉકાળેલું પાણી..." તો આપણે અરીસો નથી. ભગવાન કહે "તું કોણ છે ?" ને આપણે કહીએ કે "હું ફલાણાબેન, ત્રણ ઉપધાન કર્યા, કલ્યાણકભૂમિની યાત્રા કરી, તત્ત્વજ્ઞાન પાઠશાળામાં રોજ જાઉં છું, ચોમાસામાં મોઢું બાંધેલું જ હોય, ને સંઘમાં જે તપ ચાલતો હોય, તે કરવાનો નક્કી." તો આપણે અરીસો નથી. ભગવાન મને પૂછે કે "તું કોણ છે ?" ને જો હું કહું કે "હું ફલાણાવિજય, હું આટલું ભણ્યો છું, ચોપડીઓ લખું છું, પ્રવચનો આપું છું, લોકો સારો લાભ લે છે," તો હું અરીસો નથી.

**લાખ રૂપિયાનો સવાલ એ છે કે આપણા સારા પાસા વધારે છે કે ખરાબ પાસા વધારે છે ? શું આપણા સારા પાસા એટલા–પૂરતા પ્રમાણમાં છે ખરા ? કે એ આપણા ખરાબ પાસાને ઢાંકી શકે, છૂપાડી શકે, ગૌણ બનાવી શકે ? અરીસો તો As it is પ્રસ્તુત કરી દે, સારું–ખરાબ બધું જ As it is. સારું વધારે હોય તો એ વધુ પ્રસ્તુત થાય, પણ ખરાબ પાસા વધારે હોય ને આપણે આપણને સારા ચિતરીએ એ**

**તો બનાવટ સિવાય શી રીતે બની શકે ? બનાવટ અને અરિસો - આ બેનું તો સપનામાં પણ કોઈ સ્નાન-સૂતક નથી.**

આપણી આખી ય કથાનું પ્રારંભબિન્દુ છે 'હું'. ને 'હું' વિષેના આપણા વિચારો બનાવટ છે. 'હું' વિષેનો આપણો અભિપ્રાય-આપણી માન્યતા ખોટી છે, તો પછી આપણી કથામાં સાચું શું રહેવાનું ?

**દરપણ જિમ અવિકાર**

દર્પણ એ અવિકારિતાની સીમા છે. યાદ આવે પેલી કવિતા -

**આ પાર હું હસું ને તે પાર બિંબ પણ**
**દર્પણ ઉભયને જુએ અવિકારથી**

દર્પણની બે વિશેષતા છે. (૧) એનામાં વિશ્વનું કોઈ પણ દશ્ય સંક્રાન્ત થઈ શકે છે. (૨) કોઈ પણ દશ્ય સંક્રાન્ત થયું હોવા છતાં એનામાં કોઈ પણ અસર થતી જ નથી.

**સુમતિ ચરણ કજ આતમ અરપણા**
**દર્પણ જિમ અવિકાર**

પ્રભુના ચરણોમાં શી રીતે આત્માર્પણ કરવું ? એ રીતે કે વિશ્વનું કોઈ મૂલ્ય જ ન રહે, પ્રભુ સિવાયનું આખું વિશ્વ ધૂળ-રાખ લાગે, ધૂળ-રાખમાં વળી ઊંચુ-નીચું શું ? મોંઘું-સસ્તું શું ? સારું-નરસું શું ? બધું જ સમાન. બધું જ તુચ્છ. આ પૃષ્ઠભૂમિ પર દર્પણભાવ અવતરે છે-નિર્વિકાર.

**અરીસામાં ગમે તે વસ્તુ સંક્રાન્ત થાય, અરીસો એક સે.મી. પણ વધતો ય નથી ને ઘટતો ય નથી. અરીસામાં ગમે તે વસ્તુ પ્રતિબિમ્બિત થાય, અરીસાને હર્ષ પણ નથી ને શોક પણ નથી. અરીસામાં જે આવે એનાથી અરીસાને કોઈ ફરક જ પડતો નથી. કારણ કે તાત્ત્વિક દષ્ટિએ તો અરીસામાં કાંઈ આવતું જ નથી.**

પ્રભુ પ્રત્યેનો સમર્પણભાવ એ શેષ અશેષ વિશ્વ પ્રત્યેના

ઉદાસીનભાવસ્વરૂપ હોય છે. બીજી બધી જ દિશાઓ છેક આપણા રુંવાટા સુધી પેક થઈ ગઈ હોય, ને ઝુકવા માટે પ્રભુની એક જ દિશા બાકી હોય આનું નામ પ્રભુ પ્રત્યે સમર્પણભાવ. દશ દિશાનો આપણા માટે એક જ અર્થ બાકી હોય, પ્રભુની દિશા- આનું નામ સમર્પણભાવ. પ્રભુ સિવાયની આખી દુનિયા. એવી રીતે જોવામાં આવે જાણે એ છે જ નહીં, એનું નામ સમર્પણભાવ. 'છે'ની આગળ પ્રભુ સિવાય કાંઈ મુકી જ ન શકાય ને બીજા બધાની પાછળ 'નથી' સિવાય કાંઈ ન મુકી શકાય એનું નામ સમર્પણભાવ. બીજું કાંઈ હોય તો વિકારની સંભાવના પણ રહેશે ફક્ત પ્રભુ જ હોય પછી વિકાર કેવી રીતે થશે ? પછી તો નિર્વિકારતા જ રહેશે. દર્પણ રહેશે.

## ❖ મતિ તરપણ બહુ સમ્મત જાણીએ ❖

વૈદિક પરંપરામાં સંન્ન્યાસનો મજાનો અર્થ કર્યો છે –

**सर्वसंविन्न्यासः संन्यासः ।**

બધી જ બુદ્ધિનો ત્યાગ કરી દેવો આનું નામ સંન્ન્યાસ.

વૈભવ છોડવો સહેલો છે, વિચાર છોડવો અઘરો છે, વૈભવ એ બાહ્ય પરિગ્રહ છે, વિચાર એ આંતર પરિગ્રહ છે. બાહ્યત્યાગ કરતા આંતરત્યાગ વધુ અઘરો ને વધુ મહાન હોય છે, યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞ કહે છે –

**यः सद् बाह्यमनित्यं च, क्षेत्रेषु न धनं वपेत् ।**
**कथं वराकश्चारित्रं, दुश्चरं सः समाचरेत् ।।**

ધન બાહ્ય છે ને અનિત્ય છે. ધન હોવા છતાં જે સાત ક્ષેત્રોમાં વાવતો નથી એ બિચારો ચારિત્ર કેવી રીતે પાળશે ? એ તો કઈગણું અઘરું છે. યાદ આવે ઉપનિષદો –

**येन त्यजसि तत् त्यज ।**

જેનાથી તું (વૈભવને) તજે છે, તે (આત્મોત્કર્ષાદિ વિચારને) પણ તજ.

## મતિ તરપણ બહુ સમ્મત જાણીએ

અનંત જ્ઞાનીઓના મતે જે દાન સર્વોત્કૃષ્ટ છે એ છે મતિતરપણ.

મૃગાવતીજીનું કેવળજ્ઞાન સાવ જ સમીપ આવીને ઊભું હતું. એમાં બાધક બની શકે એવું એક જ પરિબળ હતું વિચાર. 'હું સાચી છું.' આટલો વિચાર. આપણે ય કદાચ અનંતવાર મોક્ષમાર્ગની સમીપ આવી ગયા હોઈશું. વચ્ચે એક વ્યક્તિ બે હાથ ફેલાવીને આપણને રોકીને ઊભી હશે, ને આપણે ત્યાંથી પાછા ફરી ગયા હોઈશું, કોણ હશે એ ? એ જ.. વિચાર. કદાચ આ ય વિચાર-'હું સાચો છું.'

**મૃગાવતીજી એ વિચારને ઓળંગી ગયા. ના, મૃગાવતીજીના મતિતર્પણને જોઈને એ વિચાર દૂરથી જ નાશી ગયો. મૃગાવતીજીએ ગુરુ માટે એમના દ્વાર ખુલ્લા મુકી દીધા. જે જ્યારે જેવી રીતે જે શબ્દોમાં આવે - હાર્દિક સ્વાગત.**

આતમઅરપણાનો અર્થ આ જ છે. ખુલ્લા દ્વાર. બધી રીતે ખુલ્લા દ્વાર. આપણી સિસ્ટમ ગુરુ સાથે અજાણ્યાની જેમ વર્તવાની હોય છે. પહેલા આપણે કાણામાંથી શંકાશીલ દૃષ્ટિએ જોઈએ છીએ. જે દેખાયું એને માપવાનો પ્રયાસ કરીએ છીએ, પછી સાંકળ ગોઠવીને જરાક બારણું ખોલીએ છીએ, ત્રાંસી આંખે જોઈએ છીએ, મગજમાં એનું આગમન બેસે (ઠીક લાગે) તો આવવા દઈએ છીએ, ન બેસે તો બારણું બંધ કરી દઈએ છીએ.

લાખ રૂપિયાનો સવાલ એ છે કે શું ગુરુ હજી આપણા જાણીતા નથી ? શું ગુરુ શંકાસ્પદ છે ? શું ગુરુ આવીને આપણને લૂંટી જવાના છે ?

છેલ્લા પ્રશ્નનો જવાબ છે હા, ગુરુ આપણું કાંઈ નથી લૂંટી જવાના, આપણને જ લૂંટી જવાના છે. આપણું વૈભાવિક સ્વરૂપ લૂંટી જવાના છે. આપણા અનાદિ કાળના દોષોમાં તન્મય બનેલા આત્માને લૂંટી જવાના છે. ને આપણે લૂંટાઈ જઈએ એ જ તો ગુરુના આગમનનો ફાયદો છે,

ને આપણને ડર છે કે ગુરુ આપણને લૂંટી જશે તો ? આપણી દશા એવા દર્દી જેવી છે જે ડોક્ટરથી ડરે છે, કે એ મારી કેન્સરની ગાંઠ કાઢી લેશે તો ?

**લૂંટાય એનું નામ શિષ્ય, લૂંટે એનું નામ ગુરુ. લૂંટ એનું નામ દીક્ષા. મતિતર્પણ વિના - લૂંટાયા વિના મોક્ષયાત્રા શક્ય જ નથી.**

## ❖ ત્રિવિધ સકલતનુધરગત આતમા ❖

સકળ જીવોમાં રહેલ આત્મા ત્રણમાંથી એક પ્રકારનો હોય છે. (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા (૩) પરમાત્મા

## ❖ આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો બહિરાત્મ અઘરૂપ ❖

(૧) **બહિરાત્મા** - બાહ્યાત્મા એ પાપ-સ્વરૂપ હોય છે, કયું પાપ ? અ-હુંને હું માનવાનું પાપ. 'શરીર હું છું.' આ માન્યતા એ પાપ છે. 'ઈન્દ્રિયો હું છું.' આ માન્યતા એ પાપ છે. 'પરિવાર કે સંપત્તિ હું છું.' આ માન્યતા એ ય પાપ છે.

**અઢાર પાપસ્થાનકમાં સૌથી મોટું પાપ છે મિથ્યાત્વશલ્ય. જેનો સીધો અર્થ છે - अतत्तद्बुद्धिः । જે જે નથી, એને એ માનવું. વિપરીતમાન્યતા એ દુનિયાનુ સૌથી મોટું પાપ છે. એનાથી જ બીજા બધા પાપોની શરૂઆત થાય છે. એનાથી જ હિંસાદિ પાપોમાં આત્મા પ્રવૃત્ત થાય છે.**

સ્ત્રીરત્નમાં જે ન'તું એ બ્રહ્મદત્તને દેખાતું હતું, માટે એ સાતમી નરકમાં ગયો. ઘાતકીખંડમાં જે ન'તુ એ સુભૂમને દેખાતુ હતુ, માટે એ સાતમી નરકમાં ગયો. સ્ત્રીઓમાં જે ન'તુ એ સત્યકીને દેખાતું હતું, માટે એ સાતમી નરકમાં ગયો. સંપત્તિમાં જે ન'તું એ મમ્મણને દેખાતું હતું, માટે એ સાતમી નરકમાં ગયો, ભગવાનમાં જે ન'તુ એ ગોવાળિયાને દેખાતું હતું, માટે એ સાતમી નરકમાં ગયો. ગામલોકોમાં જે ન હતું એ કરટ-ઉત્કરટ મુનિઓને દેખાતું હતું, માટે એ સાતમી નરકમાં ગયા. ત્રણ ખંડમાં જે ન હતું એ ત્રિપૃષ્ઠને દેખાતું હતું માટે એ સાતમી નરકે ગયા.

સાતે નરકના ચોર્યાશી લાખ નરકાવાસો, સમસ્ત લોકાકાશને ભરી દેનારી અસંખ્ય અસંખ્ય નિગોદો, ભયાનક દુઃખોથી ભરેલી તિર્યંચ-મનુષ્યગતિઓ, રીતસર માથે પડેલી લાગે એવી હલકી દેવગતિઓ- આ બધાની માતા એક જ છે **अतत्तद्‌बुद्धिः** । જે જે નથી તેમાં તેની માન્યતા.

**દીવામાં મારકતા છે, દાહકતા છે, પણ પતંગિયાને મોહકતા દેખાય છે, એ એમાં ઝંપલાવે છે ને બળીને ભડથું થઈ જાય છે. સમસ્ત બહિરાત્માઓની આ સામાન્ય કથા છે.**

**मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।**

**त्यक्त्वैनां प्रविशेदन्त–र्बहिरव्यापृतेन्द्रियः ।। समाधितंत्र ।।**

સંસારદુઃખનું મૂળ શું છે ? શરીરમાં આત્મબુદ્ધિ. માટે એને છોડીને અંદર જવું, બહાર ઈન્દ્રિયોની પ્રવૃત્તિ ન કરવી. બાહ્ય ભાવોથી દેહાત્મબુદ્ધિ દઢ થાય છે, આંતરભાવોથી આત્માત્મબુદ્ધિ દઢ થાય છે, જેને બાહ્યમાત્માની કક્ષાથી મુક્ત થઈ જવું હોય, એણે અંદર ઉતરી જવું જોઈએ.

**दृढात्मबुद्धिर्देहादा – वुत्पश्यन्नाशमात्मनः ।**

**पुत्रादिभ्यो वियोगश्च, बिभेति मरणाद् भृशम् ।। समाधितंत्र ।।**

જેને દેહ વગેરેમાં દઢપણે આત્મબુદ્ધિ છે, ને જે એમ જુએ છે કે મૃત્યુ એ મારો જ નાશ છે, મૃત્યુ એ મારા પુત્ર વગેરેથી મને વિયોગ પમાડે છે, એ મૃત્યુથી ખૂબ જ ડરે છે.

સાતે પ્રકારના ભય બાહ્યાત્માને જ હોય છે. બાહ્યાત્મા ભ્રાન્તિમય હોય છે અને ભય એ ભ્રાન્તિનું જ ઉત્પાદન હોય છે. બાહ્યાત્મા એ દુઃખમય હોય છે. યાદ આવે ઉત્તરાધ્યયનસૂત્ર -

**जावंतऽविज्जा पुरिसा, सव्वे ते दुक्खसंभवा ।।**

**लुप्पंति बहुसो मूढा, संसारम्मि अणंतए ।।**

જેટલા અજ્ઞાની જીવો છે તે બધાં જ દુઃખની જન્મભૂમિ છે. તેઓ મૂઢ છે. તેઓ અનંત સંસારમાં ઘણી ઘણી રીતે હત્યા પામતા રહે છે.

બાહ્યાત્મા હોવું અને આત્મઘાતી હોવું, એ બંને એક જ વાત છે.

ટી.વી. ઘરમાં રાખવા જેવું લાગે તો આપણે બાહ્યાત્મા છીએ. સ્માર્ટફોન ન છૂટી શકે તો આપણે બાહ્યાત્મા છીએ, શરીરની સહજ આળપંપાળ થઈ જાય તો આપણે બાહ્યાત્મા છીએ. ધંધામાં કમાણી દેખાતી હોય, તો આપણે બાહ્યાત્મા છીએ. વિજાતીય પ્રત્યે લેશ પણ ઉપાદેયબુદ્ધિ જાગતી હોય, તો આપણે બાહ્યાત્મા છીએ.

**બીજા શબ્દોમાં - ટી.વી. ઘરમાં રાખવા જેવું લાગે તો આપણે આપઘાતી છીએ, સ્માર્ટફોન ન છૂટી શકે તો આપણે આપઘાતી છીએ, શરીરની સહજ આળપંપાળ થઈ જાય તો આપણે આપઘાતી છીએ, ધંધામાં કમાણી દેખાતી હોય, તો આપણે આપઘાતી છીએ, વિજાતીય પ્રત્યે લેશ પણ ઉપાદેયબુદ્ધિ જાગતી હોય, તો આપણે આપઘાતી છીએ.**

૯૯% દુનિયા, ના, બલ્કે ૯૯.૯૯ % દુનિયા બાહ્યાત્મા અને આપઘાતી છે. ષડ્દર્શનમાં ચાર્વાક દર્શન નાસ્તિક છે. જેને આત્મા, પરલોક વગેરેની કોઈ જ શ્રદ્ધા નથી. કહેવાતા આસ્તિક દર્શનો પણ આત્માને એકાન્તનિત્ય કે એકાન્ત અનિત્ય માનતા હોય, તો તેવો આત્મા હોતો જ નથી, એ અપેક્ષાએ તેઓ પણ નાસ્તિક અને બાહ્યાત્મા જ છે.

ચાર્વાક મત માને છે -

**यावज्जीवेत् सुखं जीवेद्, ऋणं कृत्वा घृतं पिबेत् ।**
**भस्मीभूतस्य देहस्य, पुनः प्रत्यागमः कुतः ?।।**

જ્યાં સુધી જીવે સુખે જીવે, ઋણ કરીને ય ઘી પીવે, એક વાર દેહ રાખ થઈ ગયો એટલે વાત પતી ગઈ, એ ફરી પાછો ક્યાં આવવાનો છે.

ચાર્વાક કહે છે - એશ જેવી કોઈ આરાધના નથી, જલસા જેવો કોઈ ધર્મ નથી, જેટલું તમે ભોગવ્યું એ જ તમારા જીવનનો સાર છે.

આત્મામાં ન માનવાની સાથે ચાર્વાક બધી જ સદાચારની સીમાનું સહજ ઉલ્લંઘન કરે છે, એ કહે કે ન કહે, જો ઐહિક સુખ સિવાય બીજું

કોઈ જીવનલક્ષ્ય જ નહીં હોય, તો સમાજ, પરિવાર ને શરીર સુદ્ધા તૂટી ગયા વગર રહેવાના નથી.

બાહ્યાત્મા એ મૂર્ખાત્મા છે. બાહ્યાત્મા એ ભ્રાન્તાત્મા છે, બાહ્યાત્મા એ દુઃખાત્મા છે.

### ❖ કાયાદિકનો હો સાખીધર રહ્યો અંતર આતમરૂપ ❖

જે હોય તો શરીરમાં પણ શરીરને જે સાક્ષી ભાવે જુએ, એનાથી અલિપ્ત રહે તે અંતરાત્મા.

**आत्मन्येवात्मधीरन्यां, शरीरगतिरात्मनः ।**
**मन्यते निर्भयं त्यक्त्वा, वस्त्रं वस्त्रान्तरग्रहम् ।।**

જેને આત્મામાં જ આત્મબુદ્ધિ છે અને શરીર પ્રત્યે ભેદબુદ્ધિ છે, તે તો મોત આવે તો ય નિર્ભય રહે છે, એને મન તો મોત પણ એક કપડું છોડીને બીજું કપડું પહેરવાની ઘટના છે.

સદ્ગુરુની દેશના સાંભળીને એક કિશોર પ્રતિબોધ પામ્યો. વિહારમાં સાથે ગયો. આગળના નગરમાં એના મામા રહેતા હતા. મામા ધાર્મિક હતા, સમજેલા હતા, ભાણિયાને ટ્રેનિંગમાં જોઈ આનંદ થયો, પણ એનું શરીર, એની ચર્યા, એના મુખ પર છલકતો વૈરાગ્ય જોઈને એ વિસ્મિત થઈ ગયા. સદ્ગુરુ પાસે જઈને વાત કરી- 'આ એ જ છોકરો છે જેને બે વાર કલાક-કલાક ન્હાવા જોઈતું હતું, આજે એની ચામડી પર મેલના થર બાઝેલા છે, આ એ જ છોકરો હતો જે મોબાઈલ માટે ટોકતા મા-બાપ સાથે ઝગડતો હતો, મેં જરા પરીક્ષા માટે એને વિડિયો બતાવવા ફોન દેખાડ્યો તો એણે એ જ ક્ષણે આંખો ઢાળી દીધી. રવિવારે રાતે ૧૨ વાગે એ ક્યાં હોય એની મને ખબર છે. એનું ત્રણ દ્રવ્યનું એકાસણું જોઈને મારી આંખમાં પાણી આવી ગયા. કોલેજ કેમ્પસમાં એ શાની ફિલ્ડીંગ ભરતો હતો એની મને ખબર છે, મારા ઘરે કે રસ્તામાં એણે કોઈની સામે આંખ ઉઠાવીને જોયું નથી. એના કપડા ભરવા માટે કબાટ

નાનો પડતો હતો ને તો ય એની છાશવારે ખરીદી ચાલતી હોય, એની મામીએ આટલા મેલા કપડા જોઈને ધોઈ આપવા માટે ચાર વાર માંગ્યા, એની 'ના'ની 'હા' ન થઈ.

ગુરુદેવ ! પ્રશ્ન એનો નથી. પ્રશ્ન મારો છે. હું તો એનાથી ધર્મમાં ક્યાંય આગળ હતો, આટલા વર્ષોથી હું ધર્મ કરું છું, છતાં મારી દશા હજી સુધી આવી નથી થઈ. તો આનાથી આટલું જલ્દી ને સહજ આટલી હદનું પરિવર્તન ને મારામાં કાંઈ જ નહીં, આવું કેમ ?''

**જ્યારે તમને તમારા ધર્મ માટે અસંતોષ થાય છે, ત્યારે તમારા ધર્મની ખરી શરૂઆત થાય છે. ધર્મ માટેનો સંતોષ એ પ્રાયઃ પાપ હોય છે, કારણ કે જ્યાં સુધી સર્વકર્મનો ક્ષય ન થાય, ત્યાં સુધી આપણો ધર્મ અધુરો હોય છે-અધુરપમાં ય સંતોષ એ દોષોની હાજરીની અનુમતિ છે, સૂક્ષ્મ અનુમોદના છે.**

મામાની આંખમાંથી આંસુ સરી પડવાની તૈયારી છે. પ્રશ્ન કરીને એ નીચું જોઈ ગયા છે... થોડી ક્ષણો વીતી જાય છે, મામા ફરી ઊંચું જુએ છે. સદ્ગુરુ પૂર્ણ સ્વસ્થતા સાથે કહે છે, ''તમે હજી બાહ્યાત્મા જ છો, એ અંતરાત્મા બની ગયો છે.''

**કાયાદિકનો સાખીધર રહ્યો અંતર આતમરૂપ**

અંતરાત્મા એટલે સાક્ષીમાત્ર.

## ❖ જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો ❖

ત્રીજો આત્મા છે પરમાત્મા. જેમના સ્વરૂપની પહેલી વિશેષતા છે જ્ઞાનાનંદથી પૂર્ણતા. ૪૪ મું આગમ છે નંદીસૂત્ર. નંદીનો અર્થ છે આનંદ. ને મજાની વાત એ છે કે આ આગમનો વિષય છે - પાંચ જ્ઞાનની પ્રરૂપણા. યાદ આવે જ્ઞાનસાર -

**ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव शक्यते ।**
**नोपमेयं प्रियाश्लेषै-र्नापि तच्चन्दनद्रवैः ।।**

જ્ઞાનમગ્નનું જે સુખ હોય, તે બોલી પણ શકાય તેમ નથી, નથી એ પ્રિયાના આશ્લેષો જેવું, નથી એ ચંદનરસના વિલેપનો જેવું. એ બધું તો જ્ઞાનમગ્નના સુખની તુલનામાં કાંઈ જ નથી.

પરમાત્માના સ્વરૂપની બીજી વિશેષતા છે પવિત્રતા. ઉપમાથી જોઈએ. બાહ્યાત્મા એટલે ગટરમાં આળોટતો માણસ. એને વિવેક જાગે ને એ ફટ્ દઈને બહાર આવી જાય એટલે એ (ઉપમાથી) અંતરાત્મા બને છે, ને એ સ્નાન કરી લે એટલે પરમાત્મા બને છે.

✳